# દશેરાના પર્વની ૨૫ ઓક્ટોબરે ઉજવણી થશે

## ૨૫મીને સવારે ૮ વાગ્યા સુધી નોમ : અસત્ય પર સત્યના વિજયના પ્રતિક સમા દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પુજાનુ પણ વિશેષ મહત્વ

ગાંધીનગર તા ૧૮

નવલા નોરતા શરૂ થઈ ગયા છે. ત્યારે કોરોનારૂપી આસુરી અંધકાર પર શકિતની ભકિતનો દિવ્ય ઉજાસ પથરાઇ રહ્યો છે. ગરબાને મંજુરી નહીં હોવાથી માંઇભક્તો પોતાના ઘરે જ માતાજીની પુજા અર્ચના કરી ગરબે પણ ઘુમી લે છે. નવરાતના અંતે દશેરાનુ પર્વ પણ અસત્ય પર સત્યના વિજયના પ્રતિક સમાન છે. દશહરા રાવણના દશ માથાનુ હરણ કરી ભગવાન રામે સત્યનો વિજય પ્રસ્થાપિત કર્યો હતો. જયારે હાલ પણ દશેરાની ઉજવણી નિમિત્તે રાવણ દહન તેમજ વિશેષ રીતે શસ્ત્ર પુજા કરવામાં આવે છે. આ વર્ષે દશેરાની ઉજવણી અંગે ભાવિકોમાં થોડી અસમંજસ જેવી સ્થિતિ છે. પરંતુ તા ૨૫ ઓકટોબર સવારે ૭:૪૨ સુધી નોમ છે. ત્યારબાદ દશેરા શરૂ થઈ જતા હાવાનુ પણ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

નવલી નવરાત શરૂ થઈ ગઈ છે. જયારે આ વર્ષે કોરોનાના લીધે ગરબાની મંજુરી નહીં અપાતા સેકટરોમાં ચાંચર ચોકમાં સુનકાર જોવા મળે છે. જો કે શકિતની ભકિતની આ પર્વમાં નવદુર્ગાની પુજા અર્ચના અને ઉપાસનામાં ભાવિકો તલ્લીન છે. ગરબે ઘુમવાના ઓરતા ઘરમાં જ પુરા કરવા ખૈલેયાઓ સજ્જ થઈ ગયા છે. સેકટરોની કેટલીક સોસાયટીમાં સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે માતાજીની આરતીનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોનારૂપી આસુરી શક્તિના અંધકારને ઉલેચવા આસોની અજવાળી રાતમાં માંઇભકિતનો દિવ્ય ઉજાસ પથરાઇ રહ્યો છે. ત્યારે અસત્ય પર સત્યના વિજય સમા દશેરાના પર્વને અનુલક્ષીને પણ ભાવિકોમાં થોડી અસમંજસની સ્થિતિ જોવા મળી હતી નોરતાના અંતે દશેરાના પર્વની ઉજવણી તા ૨૪ કે ૨૫ ઓકટોબરના રોજ થશે તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે. જો કે દશેરા ૨૫ ઓકટોબરના છે. નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના જણાંવ્યા મુજબ તા ૨૫ ઓકટોબરના સવારે ૭:૪૨ કલાક સુધી આઠમ છે. ત્યારબાદ દશેરા શરૂ થઈ જાય છે. જયારે સોમવારે અલબત્ત તા ૨૬ ઓકટોબરના રોજ ખાલી દિવસ છે. જયારે મંગળવારે અગિયારસ છે. ભગવાન રામે દશ મસ્તક ધરાવતા રાવણનો નાશ કર્યા બાદ દશેરાનો

● અનુસંધાન પાન-૭ પર



સૂમસામ માર્ગો - કોરોનાના ભયના ઓથાર નીચે જીવાતું જનજીવન રવિવાર હોવા છતાં શહેરના મુખ્ય માર્ગો સૂમસામ ભાસ્યા હતા... બેવડી ઋતુના પગલે શહેરમાં રોગચાળો પણ વ્યાપક રીતે વકર્યો છે... ત્યારે મોટેભાગે નાગરિકો બહાર નીકળવાનું ટાળે છે... અનિવાર્ય ન હોય તો ગામમાં કે બહારગામ જવાનું પસંદ કરતા નથી અને સ્વાસ્થ્યની જાળવણી માટે સતત સતર્ક રહે છે...

## શહેરમાં ૬૬ ટકા પુરૂષો અને ૩૩ ટકા મહિલાઓને કોરોના પોઝીટીવ જણાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં કોરોના પોઝીટીવના નોંધાયેલા કેસોમાં ૬૬ ટકા કેસ પુરૂષ દર્દીઓના છે જ્યારે ૩૩ ટકા કેસ મહિલાઓના અને ૧ ટકા જેટલા કેસ બાળકોના છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૩૨ હજાર જેટલા ટેસ્ટ એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. નોંધાયા છે. જોકે શહેરમાં આજ સુધીમાં ૧૬૫૮ કેસ પોઝીટીવ મળ્યા છે. અર્થાત્ થયેલા ટેસ્ટની દષ્ટીએ ૫ ટકા જેટલા કેસ પોઝીટીવ દર્દીઓના મળી આવ્યા છે.

શહેરમાં રિકવરી રેટ ૮૦ ટકાની આસપાસ રહ્યો છે. આજ સુધીમાં ૧૪૦૫ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. શહેરમાં આજે પણ ૧૪૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં ૩૦ થી ૫૦ વર્ષની આયુ ધરાવતા દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી છે. જો કે મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યા પણ ઘણી છે. શહેરમાં વધતા જતા સંક્રમણને કારણે કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ૨૨૦ ની આસપાસ છે અને ૧૬,૫૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# સે-૨૨માંથી ૪, સે. ૫માંથી ૪, સે. ૧૩ માંથી ૨ સહિત કુલ ૧૮ કોરોનાના દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનર શહેરના સે. ૨૨ માંથી ૪ અને સે. ૫ માંથી ૪ તેમજ સે. ૧૩ માંથી ૨ કેસ સહિત શહેરમાંથી ૧૮ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. સરકારે તેની યાદીમાં ૨૭ કેસ દર્શાવ્યા છે.

શહેરમાં સંક્રમણના કેસો વધતાં જ તંત્રની ચિંતા વધી છે. આજે પણ ૧૫ થી વધુ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં ૧૪૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં આજે સે. ૨૨ માંથી ૪, સે. ૫ માંથી ૪, સે. ૧૩ માંથી ૨ ઉપરાંત સે. ૩, ૪, ૭, ૧૨, ૧૬, ૨૧, ૨૭, ૨૯ માંથી પણ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલ ૧૮ દર્દીમાં ૩ મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે.

શહેરના સે. ૨૨ માંથી ૪ કેસ મળી આવ્યા છે. સે. ૨૨માંથી જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સે. ૨૨માં રહેતા અને કન્સ્ટ્રક્શન વર્ક સાથે સંકળાયેલ ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨માં રહેતા અને બેંક ઓફ બરોડાની બાલવા શાખામાં ફરજો બજાવતા ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત

### શહેરમાં આજે સે. ૨૨ માંથી ૪, સે. ૫ માંથી ૪, સે. ૧૩ માંથી ૨ ઉપરાંત સે. ૩, ૪, ૭, ૧૨, ૧૬, ૨૧, ૨૭, ૨૯ માંથી પણ કેસ મળી આવ્યા

૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી પણ આજે ૪ કેસ મળી આવ્યા છે. તંત્ર આ સેક્ટરને લઈ પહેલેથી જ ચિંતાતુર છે. અહિ ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા માટે તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કડક રીતે થાય તે માટે તાકીદ કરવામાં આવી છે.

ખાનગી ફાર્મા કંપનીમાં નોકરી કરતા અને સે. ૫ માં રહેતા ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બેંક ઓફ બરોડાની માણસા શાખામાં નોકરી કરતા અને સે. ૫ માં રહેતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં જ રહેતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની અડાલજ શાખામાં સિનીયર આસિટન્ટ તરીકે ફરજો બજાવતા ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત નવા સચિવાલયમાં નાણાં વિભાગમાં ફરજો બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીઓએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માં રહેતા અને છત્રાલમાં ફાર્મા કંપનીમાં ફરજો બજાવતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૬ માં રહેતા અને નાણાં વિભાગમાં ડે. એસો. તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૧૩ માં રહેતા અને નાગરિક પુરવઠા નિગમમાં આઈ.ટી. ઈજનેર તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કડિયાકામ કરતા ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.


સે. ૨૯ માંથી ૪૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨માં રહેતા અને ભારતીય કોષ્ટગાર્ડમાં પ્રધાન અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે મિલીટ્રી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

સે. ૭ માં રહેતા અને કૃષિભવનમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧માં રહેતા અને ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર



ઐતિહાસિક ઉજવણી - ગુજરાતના સૌથી લોકપ્રિય પર્વની ઉજવણીને કોરોનાનું ગ્રહણ લાગતા રાજ્યભરમાં કોરોનાની આચારસંહિતાના અનુપાલન સાથે નવરાત્રિ ઉજવાઈ રહી છે... ગરબા નહિ ગાવાનો કે ગરબા નહિ જોવાનો અફસોસ પ્રત્યેક ગુજરાતીના દિલમાં હોવા છતાં મહામારીમાંથી ઉગારી લેવા માતાજીના ચરણોમાં આરતીના માધ્યમથી કાલાવાલા કરે છે....

# ગ્રામીણ વિસ્તારમાં ૧૯ નવા કેસ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના ૧૯ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં સતત કોરોનાના કેસોની થઈ રહેલી વધઘટને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રની કામગીરી પણ વધવા પામી છે. નવા નવા ગામોમાં કેસો મળી રહ્યા છે. આજે નોંધાયેલ ૧૯ કેસમાંથી ૮ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૧૯ કેસમાં ગાંધીનગરમાંથી ૧૦, દહેગામમાંથી ૧, માણસામાંથી ૩ અને કલોલમાંથી ૫ કેસ મળી આવ્યા છે. માણસામાં કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે. ગાંધીનગર અને કલોલમાં પણ કોરોના વિસ્તરી રહ્યો છે.

ગાંધીનગરના રાંધેજા ગામેથી સરકારી નોકરી કરતી ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રૂપાલમાંથી ૩૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. રૂપાલ ગામમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. વાસણ ગામેથી પણ આજે ૭૪ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કુડાસણ ગામેથી આજે વધુ

### ગાંધીનગરમાં ૧૦, કલોલમાં ૫, માણસામાં ૩, દહેગામમાંથી ૧ કેસ મળ્યો : ૨૧૫૮ દર્દીઓ કોરોનામુક્ત થયા

૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક કાર્ડિયોલોજીસ્ટ તરીકે ફરજો બજાવતા તબીબ અને એક દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરમાંથી ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ખોરજમાંથી ૭૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મગોડી ગામેથી ખાનગી નોકરી કરતા ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

રાયપુર ગામેથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકાના સલકી ગામેથી ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

માણસા તાલુકામાંથી આજે ૩ કેસ નોંધાયા છે જેમાં બે કેસ અર્બન વિસ્તારમાંથી અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી નોંધાયો છે. બાપુપુરા ગામેથી ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલ દાખલ કરાયા છે.

માણસા અર્બનમાંથી ૫૩ વર્ષીય કર્મયોગી અને ૩૪ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામાંથી આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે જયારે એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે.

બોરીસણા ગામેથી ૫૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. મોખાસણ ગામેથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ધાનોટ ગામેથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આરસોડિયા ગામેથી ૩૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન-૨ વિસ્તારમાંથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

જિલ્લાતંત્રે દાવો કર્યો છે કે જિલ્લામાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૨૧૫૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૬૬૫ લોકોનો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# ધો-૧ થી ૮માં માસ પ્રમોશનની કોઈ વિચારણા નથી : શિક્ષણ વિભાગ

## માસ પ્રમોશન અંગેની અફવા ફેલાતા શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી : માસ પ્રમોશનની વાત પાયાવિહોણી છે

ગાંધીનગર તા ૧૮

દેશ દુનિયમાં કોરોનાએ આતંક મચાવ્યો છે ત્યારે કોરોનાના કહેર વચ્ચે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. વેપાર ઉદ્યોગો થી માંડીને શિક્ષણ ક્ષેત્રે પણ કોરોનાની વિપરિત અસર વર્તાઈ રહી છે. નવા શૈક્ષણિક સત્ર દરમિયાન હજુ પણ શાળા કોલેજો ખુલી નથી. કોરોના કહેરથી બચવા માટે ઓનલાઈન શિક્ષણની પ્રક્રીયા ચાલી રહી છે. ત્યારે અભ્યાસક્રમ ઘટાડવાની સાથે બાર્ડ પરીક્ષાના સમયમાં પણ શિક્ષણ વિભાગે જાહેરાત કરી દીધી છે. આવા સંજોગોમાં છેલ્લા કેટલાક દિવસોથી ધો ૧ થી ૮ માં માસ પ્રમોશનની અફવાએ વેગ પકડયો છે. આ મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓને ગેરમાર્ગે ન દોરાવાની સલાહ આપી શિક્ષણ વિભાગે આ બાબત હાલ વિચારણા હેઠળ ન હોવાની પણ સ્પષ્ટતા કરી છે.

કોરનાકાળમાં બધુ અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ગત માર્ચ મહીનાથી જનજીવનનો સિનારીયો બદલાઈ ગયો છે. જયોર શાળા કોલેજો પણ બંધ છે. અલબત્ત શિક્ષણ કાર્ય ચાલુ રાખવા માટે સરકારે ઓનલાઈન એજ્યુકેશનને વેગ આપવાની યોજના અમલમાં મુકી છે. ગત શૈક્ષણિક સત્રના અંતિમ તબક્કામાં કોરાના કાળના પ્રારંભે શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે માસ પ્રમોશનની યોજના અમલમાં મુકાઈ હતી ત્યારે છેલ્લા આઠ મહીનાના અંતે પણ શાળાઓને હજુ વિદ્યાર્થીઓ માટે તાળા વાગેલા છે. કોરોનાનુ સંક્રમણ વધતા હજુ પણ શાળા કોલેજો ખોલવા માટે સરકારે કોઈ નિર્ણય લીધો નથી જયારે આ વર્ષના અભ્યાસક્રમમાં પણ ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બોર્ડની તેમજ અન્ય ધોરણોની પરીક્ષાઓના સમયમાં પણ ધરખમ ફેરફાર કરાયો છે. ત્યારે હાલ કોરોના ઈફેકટ વચ્ચે આ વર્ષે પણ માસ પ્રમોશન આપવાની વાતો સોશિયલ મીડીયા સમુહ માધ્યમોમાં વહેતી થઈ છે. જેમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો ૧ થી ૮ માં માસ પ્રમોશન આપવામાં આવશે તેવી પાયા વિહોણી વાત વહેતી થઈ છે. જયારે આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે માસ પ્રમોશન આપવા અંગે રાજય સરકારે હાલ કોઈ વિચારણા કરી નથી. જેથી વિદ્યાર્થીઓએ કે વાલીઓએ પણ આ અંગે ગેરમાર્ગે ન દોરાવવા પણ જણાવાયુ છે. અલબત્ત ધો -૧ થી ૮ માં માસ પ્રમોશન નો મુદ્દો હાલ કોઈ વિચારણા હેઠળ નથી તેમ પણ જણાંવાયુ છે.

## દુ:ખદ અવસાન/બેસણું



અમારા સુપુત્ર

**શ્રી આનંદ નૌતમલાલ ત્રિપાઠીનુ**

આકસ્મિક અવસાન તારીખ ૧૬/૧૦/૨૦૨૦ ના રોજ થયેલ છે.

**વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં લઈ લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.**

સદ્ગતનું ટેલિફોનીક બેસણુ તારીખ ૧૯/૧૦/૨૦૨૦ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન રાખેલ છે.

શ્રીમતિ મનિષાબેન ત્રિપાઠી (માતા)
મો. ૮૧૫૬૦૨૨૩૨૫
નિતા(નિલમ) આનંદ ત્રિપાઠી (પત્નિ)
મો. ૮૩૨૦૦૪૫૧૭૦
પ્રથમ આનંદ ત્રિપાઠી (પુત્ર)

જ્યોતિષ ભટ્ટ (મામા)
સંગીતા ભટ્ટ (મામી)
અનિષ દલાલ (માસા)
તૃપ્તિ દલાલ (માસી)
મૃગેશ ત્રિવેદી (બનેવી)
ભાવના ત્રિવેદી (બહેન)

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com